પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪૩ ૧૫ નવેમ્બર, ૨૦૨૨, મંગળવાર; કારતક વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# જથ્થાબંધ ફુગાવો ઘટીને ૮.૩૯%

### મોંઘવારી ૧૯ મહિનાના તળિયે : ઓક્ટોબર મહિનામાં ખાણી-પીણીનો મોંઘવારી દર ૮.૦૮ ટકાથી ઘટીને ૬.૪૮ ટકા આવી ગયો હતો



નવી દિલ્હી, તા.૧૪

સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (ઝર્જી)એ ઓક્ટોબર મહિનાના જથ્થાબંધ ફુગાવાના આંકડા જાહેર કર્યા છે. જે મુજબ જથ્થાબંધ ફુગાવો (ઁ) ઓક્ટોબરમાં ૮.૩૯ ટકા રહ્યો છે. ફુગાવો ૮.૪૪ ટકા રહેવાનું અનુમાન હતું. માસિક ધોરણે જથ્થાબંધ મોંઘવારી દર ૧૦.૭૦ ટકાથી ઘટીને ૮.૩૯ ટકા પર આવી ગયો છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં ફુગાવો પણ ઓક્ટોબરમાં ૮.૦૮ ટકાથી ઘટીને ૬.૪૮ ટકા થયો છે. ઓક્ટોબરમાં જથ્થાબંધ મોંઘવારી દર છેલ્લા ૧૯ મહિનાના સૌથી નીચલા સ્તર પર આવી ગયો છે. માર્ચ ૨૦૨૧ પછી પ્રથમ વખત જથ્થાબંધ ફુગાવો સિંગલ ડિજિટમાં રહ્યો છે.

બીજી તરફ કોર મોંઘવારીમાં પણ જબ્બર કડાકો બોલી ગયો છે. ઓક્ટોબરમાં કોર મોંઘવારી ૭%થી ઘટીને ૪.૬% રહી ગઈ છે, તે ડિસેમ્બર ૨૦૨૦ બાદ સૌથી નીચલા સ્તર પર છે.

ઈંધણના ભાવમાં નરમાશ બાદ હોલસેલ મોંઘવારી દરમાં આટલો મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ફુગાવામાં ઘટાડો મુખ્યત્વે ખનિજ તેલ, બેઝિક મેટલ, ફેબ્રિકેટેડ મેટલ ઉત્પાદનો, કાપડ,

● અનુસંધાન પાન-૭ પર

# ટીબી અને ડાયાબિટીસ સહિત ૩૮૪ દવાઓ હવેથી સસ્તી

### કેન્દ્ર સરકારે આપી મોટી રાહત : સાત વર્ષ બાદ અપડેટ આ સૂચી ૧૩ સપ્ટેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરી હતી, તેને ૩૫૦થી વધારે નિષ્ણાંતોએ બનાવી અને કુલ ૩૮૪ દવાઓ સામેલ કરી છે

નવી દિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારે ટીબી, એચઆઈવી, હેપેટાઈટિસ બી, ડાયાબિટીઝ જેવી ગંભીર બિમારીઓ સામે ઝઝૂમી રહેલા લોકોને રાહત આપતા રાષ્ટ્રીય આવશ્યક ઔષધી સૂચિ (એનએલઈએમ) રવિવારે લાગૂ કરી દીધી છે. તેનાથી કેટલીય બિમારીઓની દવા સસ્તી થઈ જશે. તેમાં પેટેંટ દવાઓ પણ સામેલ છે. લગભગ સાત વર્ષ બાદ અપડેટ આ સૂચી ૧૩ સપ્ટેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરી હતી. તેને ૩૫૦થી વધારે નિષ્ણાંતોએ બનાવી અને કુલ ૩૮૪ દવાઓ સામેલ કરી છે. તેમાં ૪ એન્ટી કેંસર સહિત ૩૪ નવી દવાઓ છે. ૨૬ દવાઓ હટાવામાં આવી છે. ૨૦૧૫ની યાદીમાં ૩૭૬ દવા હતી. આ દવાઓ રાષ્ટ્રીય ઔષધી મૂલ્ય નિર્ધારણ પ્રાધિકરણ તરફથી નક્કી ભાવથી વધારે કિંમતે વેચી શકાય નહીં. ફક્ત ઈમરજન્સીની મંજૂરીમાં કોવિડની દવાઓ અને રસી આ યાદીમાં સામેલ નથી કર્યા. યાદીમાંથી બહાર રાખેલી દવામાં રેનિટિડીન, બ્લીચિંગ પાઉડર, વિટામિન સપ્લીમેંટ નિકોટિનામાઈડ સામેલ છે. એન્ટી-ડાયાબિટિક દવાઓ જેમ કે ટેનેલિગ્લિપ્ટિન, ઈંસુલિન ગ્લેરગીન ઈંજેક્શન, એન્ટીબાયોટિક્સ જેમ કે મેરોપેનમ, સેફુરોક્સિમ, સામાન્ય દુખાવા માટે અન્ય દવાઓ જેમ કે મોર્ફિન, આઈબ્રુફિન, ડાઈકલોફિનેક,




# એલપીજી સિલિન્ડર પર મળતી છૂટ ખતમ

### ગેસ સિલિન્ડરની કિંમતો મુદ્દે સરકારનો નિર્ણય : સરકારી તેલ કંપનીઓ દ્વારા કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર ૨૦૦-૩૦૦ની છુટ અપાતી હતી જેને હવે બંધ કરાઈ

નવી દિલ્હી, તા.૧૪

સમગ્ર દેશમાં વધતી ગેસ સિલિન્ડરની કિંમતોને મુદ્દે સરકારી તેલ કંપનીઓએ મોટો નિર્ણય લીધો છે.

ગેસ સિલિન્ડર ખરીદવા માટે હવે તમારે વધારે રૂપિયા ખર્ચ કરવા પડશે. એલપીજી સિલિન્ડર પર મળનારી છુટને હવે ખતમ કરી દેવાઈ છે. એટલે કે હવે તમારે એલપીજીની બુકિંગ માટે વધારે રૂપિયા ખર્ચ કરવા પડશે.

સરકારી તેલ કંપનીઓ દ્વારા કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર ૨૦૦થી ૩૦૦ રૂપિયા સુધીની છુટ આપવામાં આવતી હતી જેને હવે બંધ કરી દેવાઈ છે. ડિસ્ટ્રીબ્યુટર્સ દ્વારા કોમર્શિયલ સિલિન્ડર પર વધારે ડિસ્કાઉન્ટ આપવા જવાની ફરિયાદોને ધ્યાનમાં રાખતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

દેશની ત્રણેય સરકારી તેલ કંપનીઓ ઈન્ડિયન ઓયલ કોર્પોરેશન (આઓસી) અને એચપીસીએલ (એચપીસીએલ) અને બીપીસીએલ (બીપીસીએલ)એ જાણકારી આપતા ડિસ્ટ્રીબ્યુટર્સને કહ્યુ છે કે હવેથી કોઈ પણ કોમર્શિયલ ગેસ સિલિન્ડર ધરાવતા ગ્રાહકોને છુટની સુવિધા મળશે નહીં. આ નિર્ણય ૮ નવેમ્બરથી લાગુ થઈ ચૂક્યો છે,

# પંજાબના કેટલાય શહેરોમાં ૪.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા આવ્યા

### નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ૧૨ નવેમ્બરની સાંજે લગભગ ૭.૫૭ વાગે નેપાળમાં ૫.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો

અમૃતસર, તા.૧૪

પંજાબના અમૃતસરથી ૧૪૫ કિમી પશ્ચિમ ઉત્તર પશ્ચિમમાં આજે સવારે ૩.૪૨ કલાકે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર મુજબ ભૂકંપની ઊંડાઈ જમીનથી ૧૨૦ કિમી નીચે હતી.



અહીં ઉલ્લેખનિય છે કે, ઉત્તર ભારતમાં વિતેલા કેટલાક દિવસમાં ઘણી વાર આંચકા આવ્યા છે. ગત અઠવાડીયે દિલ્હીમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. દિલ્હીને ભૂકંપના હિસાબથી સંવેદનશીલ માનવામાં આવે છે. બે દિવસ પહેલા પણ પંજાબના કેટલાય વિસ્તારોમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ગત ૧૨ નવેમ્બરની રાતે ૮થી ૮.૧૫ની વચ્ચે ૩૦થી લઈને ૪૦ સેકન્ડ સુધી આંચકા આવ્યા હતા. ચંડીગઢ અને પંજાબ ઉપરાંત સમગ્ર દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી. આ દિવસે સવારે ઋષિકેશમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ૧૨ નવેમ્બરની સાંજે લગભગ ૭.૫૭ વાગે નેપાળમાં ૫.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી નીચે હતું.

# બળજબરીથી ધર્મપરિવર્તન ચિંતાનો વિષય : સુપ્રીમ

### પ્લેસ ઓફ વર્શીપ એક્ટની જોગવાઈઓને પડકારતી અરજી પર સુનાવણી : ધર્માંતરણની ગતિવિધિઓને રોકવા સરકારે શું પગલાં લીધાં છે એ બાબતે કોર્ટે કેન્દ્રને જવાબ આપવા સમય આપ્યો

નવી દિલ્હી, તા.૧૪

સુપ્રીમ કોર્ટે સોમવારે જબરદસ્તી ધર્માંતરણના મામલાને ગંભીર મામલો ગણાવ્યો હતો. કોર્ટે કહ્યું કે બળજબરીથી કોઈનો ધર્મ બદલવો એ ચિંતાનો વિષય છે, જે દેશની સુરક્ષાની સાથે ધાર્મિક સ્વતંત્રતા પર પણ અસર કરે છે.

સુપ્રીમ કોર્ટે આજે પ્રલોભન, છેતરપિંડી અથવા બળજબરીથી ધર્માંતરણ પર ચિંતા વ્યક્ત કરી હતી અને તેને ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. કોર્ટે આ મામલાને દેશની સુરક્ષા અને નાગરિકો દ્વારા માણવામાં આવતી ધાર્મિક સ્વતંત્રતા માટે ખતરો ગણાવ્યો હતો. કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. કોર્ટે કહ્યું કે કેન્દ્રએ આ મામલે સોગંદનામું દાખલ કરવું જોઈએ અને જણાવવું જોઈએ કે બળજબરીથી ધર્માંતરણની ગતિવિધિઓને રોકવા માટે સરકારે શું પગલાં લીધાં છે.

બળજબરીથી ધર્માંતરણને ગંભીર મુદ્દો ગણાવતા સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્રને આ મામલે હસ્તક્ષેપ કરવા અને આવી ગતિવિધિઓને રોકવાના પ્રયાસો કરવા જણાવ્યું હતું. તે જ સમયે, સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી હતી કે જો બળજબરીથી ધર્માંતરણને રોકવામાં નહીં આવે તો મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ શકે છે. જસ્ટિસ એમ.આર.શાહ અને હિમા કોહલીની ખંડપીઠે સોલિસિટર જનરલ તુષાર મહેતાને આવા પ્રલોભનો દ્વારા કરવામાં આવતી પ્રથાનો અંત લાવવા પગલાં લેવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું, ’આ ખૂબ જ ગંભીર મામલો છે.

નોંધનીય છે કે આજે સર્વોચ્ચ અદાલતમાં પ્લેસ ઓફ વર્શીપ એક્ટ ૧૯૯૧ની કેટલીક જોગવાઈઓને પડકારતી અરજીઓ પર પણ સુનાવણી થઈ હતી. કોર્ટે કેન્દ્રને જવાબ આપવા માટે સમય આપ્યો છે.

# ટાટા સન્સ ત્રણ એરલાઈન્સનું એર ઈન્ડિયામાં મર્જર કરશે

### ટાટા સન્સનો એરલાઈન સેક્ટરમાં મોટો દાવ : આ પગલાથી એર ઈન્ડિયા ફ્લીટ અને માર્કેટ શેરના હિસાબે દેશની બીજી સૌથી મોટી એરલાઈન કંપની બનશે

નવી દિલ્હી, તા.૧૪

ટાટા સન્સ એરલાઈન સેક્ટરમાં મોટો દાવ રમવાની તૈયારીમાં છે. ટાટા ગ્રૂપે તાજેતરમાં સરકારી એરલાઈન કંપની એર ઈન્ડિયાને ખરીદી હતી. ટાટા સન્સ હવે પોતાની અન્ય ૩ એરલાઈન્સ વિસ્તારા, એર એશિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસનુ એર ઈન્ડિયામાં મર્જર કરવા જઈ રહી છે. કંપનીએ આની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વિસ્તારામાં સિંગાપોર એરલાઈન્સ ટાટા ગ્રૂપની પાર્ટનર છે. ટાટાની આ વિશે સિંગાપોર એરલાઈન્સ સાથે વાત થઈ ગઈ છે. આ પગલાથી એર ઈન્ડિયા ફ્લીટ અને માર્કેટ શેરના હિસાબે દેશની બીજી સૌથી મોટી એરલાઈન કંપની બની જશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એર ઈન્ડિયા હેઠળ એક લો-કોસ્ટ એરલાઈન અને એક ફુલ સર્વિસ એરલાઈન હશે. આ વિશે એક અઠવાડિયામાં સત્તાકીય જાહેરાત થઈ શકે છે. બંને એરલાઈન ટૂંક સમયમાં જ કોમર્શિયલ ઓપરેશન શરૂ કરી શકે છે. પરંતુ એક એન્ટિટી તરીકે કામ શરૂ કરવામાં આને એક વર્ષ કરતા વધુ સમય લાગી શકે છે. વિસ્તારાને ચલાવનારી કંપની ટાટા સિંગાપોર એરલાઈન્સને એર ઈન્ડિયામાં મર્જ કરવામાં આવી રહી છે. વિસ્તારા બ્રાંડને ડ્રોપ કરી શકાય છે. એર ઈન્ડિયામાં સિંગાપોર એરલાઈન્સની ૨૦થી ૨૫ ટકા ભાગીદારી હશે. આ સાથે જ વિસ્તારાના અમુક બોર્ડ મેમ્બર્સને એર ઈન્ડિયાના બોર્ડમાં

● અનુસંધાન પાન-૭ પર

# લગ્ન માટે દબાણ કરતા યુવતીની હત્યા : હત્યારા આરોપીની ધરપકડ

### લગ્ન માટે દબાણ કરતા યુવતીના ટુકડા કરી અલગ ઠેકાણે ફેંક્યા : યુવતી યુવક સાથે લિવ-ઈનમાં રહેવા લાગતા પરિવારના વિરોધના પગલે બંને દિલ્હી ચાલ્યા ગયા હતા

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીના મહરૌલીથી સનસની ફેલાવતો કિસ્સો સામે આવ્યો છે. એક વ્યક્તિ લગ્નનું વચન આપી કોલ સેન્ટરમાં કામ કરતી મહિલા સહકર્મીને મુંબઈથી દિલ્હી લઈને ભાગી આવ્યો હતો. જ્યારે યુવતીએ લગ્ન માટે દબાણ કર્યું તો યુવકે તેની હત્યા કરી તેના મૃતદેહના અનેક ટુકડા કરી નાખ્યા હતા. ત્યારબાદ તેને દિલ્હીના અલગ-અલગ ઠેકાણે ફેંકી દીધા હતા. ઘટનાના લગભગ ૫ મહિના બાદ ખુલાસો થતા પોલીસે આફતાબ અમીન પૂનાવાલાની ધરપકડ કરી લીધી છે.



પોલીસે જણાવ્યું કે, ૫૯ વર્ષીય વિકાસ મદન વોકરે ૮ નવેમ્બરે દિલ્હીના મહેરૌલી પોલીસ સ્ટેશનમાં તેની પુત્રીના અપહરણ માટે એફઆઈઆરદાખલ કરાવી હતી. પીડિતે જણાવ્યું કે, તે તેના પરિવાર સાથે મહારાષ્ટ્રના પાલઘરમાં રહે છે. પીડિતાની ૨૬ વર્ષની પુત્રી શ્રદ્ધા વોકર મુંબઈના મલાડ વિસ્તારમાં આવેલી એક બહુરાષ્ટ્રીય કંપનીના કોલ સેન્ટરમાં કામ કરતી હતી. ત્યાં જ શ્રદ્ધા આફતાબ અમીનને મળી હતી. ટૂંક સમયમાં જ બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને તેઓ લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગ્યા હતા. જ્યારે પરિવારને આ સંબંધની જાણ થઈ તો તેઓએ વિરોધ કર્યો હતો.

શ્રદ્ધાના પિતા વિકાસ મદન વોકરે જણાવ્યું કે, દીકરી અને આફતાબે વિરોધ કર્યા બાદ અચાનક જ મુંબઈ છોડી દીધું હતું. બાદમાં જાણવા મળ્યું કે તેઓ મહેરૌલીના છતરપુર વિસ્તારમાં રહે છે.





